(૧૩)

તા. ૨૧/૩/૨૦૨૦ – શનિવાર – ખબર

# જનતા કર્ફ્યુને ટેકો આપવા જામનગર ચેમ્બર દ્વારા અનુરોધ

ખબર-જામનગર

હાલમાં કોરોના વાયરસએ સમગ્ર વિશ્વમાં કહેર મચાવ્યો છે. ત્યારે આ રોગનો ફેલાવો અટકાવવા અને તેના પર નિયંત્રણ લાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને તા. ૨૨ માર્ચના રોજ સવારે ૭ વાગ્યાથી રાત્રીના ૯ વાગ્યા સુધી સ્વૈચ્છિક રીતે અત્યંત જરુરી કામ સિવાય બહાર ન નિકળવા અપીલ કરેલ છે. આથી જામનગર ચેમ્બર દ્વારા પણ જામનગર શહેરના તમામ વેપારીઓ ઉદ્યોગકારો તથા જામનગરવાસીઓને તા. ૨૨ના રોજ તો ખરુ જ પરંતુ જ્યાં સુધી આ રોગ પર કાબુ ના મેળવી શક્રાય ત્યાં સુધી બિનજરુરી અવર-જવર તથા મુસાફરી ટાળવી તથા ખોટી અફવાઓ પણ ન ફેલાવવી તેમજ માસ્ક અને સેનેટાઈઝરનો વિવેકીપણે ઉપયોગ કરીએ અને સરકારને સપૂર્ણ સહયોગ આપી આ રોગ સામે જનતા લડાઈ અને જન ચળવળને ભાગ બનવા અનુરોધ કરાયો છે.